# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) ભારત અને ઉઝબેકિસ્તાને આજે તેમની પરસ્પર વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સ્તર સુધી વધારવાની જાહેરાત કરી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કર્યા

3) નેપાળમાં આવેલા વિનાશક પૂરથી મૃત્યુઆંક 768 પર પહોંચી ગયો છે. આપત્તિના પાંચમા દિવસે પણ 2 હજાર 500 થી વધુ લોકો ગુમ

4) દેશભરમાં આજે સ્નાતકોત્તર તબીબી અભ્યાસ માટની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા NEET-PGની પરીક્ષા આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાઈ

5) મહિલા ક્રિકેટમાં  ભારત આજે દુબઈ આંતરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે ટી-20 એશિયા કપમાં થાઇલેન્ડ સામે રમશે

*****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – UZBEKISTAN

ભારત અને ઉઝબેકિસ્તાને આજે તેમની પરસ્પર વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સ્તર સુધી વધારવાની જાહેરાત કરી. મધ્ય એશિયાઈ દેશ ભારતને યુરેનિયમના લાંબા ગાળાના પુરવઠા માટે એક માળખું સ્થાપિત કરવા અને દુર્લભ પૃથ્વી ખનિજો માટે ખાણકામના સ્થળોની ચર્ચા કરવા માટે પણ સંમત થયા. બંને દેશોએ આજે ખાણકામ , આયુર્વેદ, પર્યટન, આર્થિક અને નાણાકીય સંવાદ , વ્યાપક અને વ્યૂહાત્મક ભાગીદારી , ઉચ્ચ શિક્ષણ અને પર્યાવરણ સહિત વિવિધ ક્ષેત્રોમાં અગિયાર સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન ઓલી દરજાલી ડસ્ટલિક ઓર્ડર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

પીએમ મોદી અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન બંને દેશો 2030 સુધીમાં 5 અબજ ડોલરના દ્વિપક્ષીય વેપારનું લક્ષ્ય નક્કી કરવા સંમત થયા હતા તેમ શ્રી મોદીએ કહ્યું..

## (BYTE – PM – STRATEGIC PARTNERSHIP )

*"इस वर्ष हमारी स्ट्रैटेजिक पार्टनरशिप के 15 साल हो रहे हैं। इस विशेष अवसर पर हमने संबंधों को कॉम्प्रिहेंसिव स्ट्रैटेजिक पार्टनरशिप का दर्जा देने का निर्णय लिया है। आज हमने हमारी साझेदारी के इस नए स्वरूप में तेज गति और ठोस परिणामों के साथ आगे बढ़ने का एंबिशियस एजेंडा तैयार किया है। हमारा द्विपक्षीय व्यापार 1 बिलियन डॉलर पार कर चुका है। अब हमने 2030 तक 5 बिलियन डॉलर व्यापार का लक्ष्य रखा है।"*

સંયુક્ત નિવેદનની જાહેરાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે બંને દેશો આતંકવાદ ઉગ્રવાદ અને અલગતાવાદ સામે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે.

## (BYTE – PM TERRORISM UZBEKISTAN )

*"दोनों देशों के बीच करीबी रक्षा और सुरक्षा सहयोग हमारे गहरे आपसी विश्वास को दर्शाता है। आने वाले समय में हम दोनों देशों की डिफेंस इंडस्ट्रीज के बीच डायरेक्ट लिंकेज, को-प्रोडक्शन और को-डेवलपमेंट को बढ़ावा देंगे। हमारा मानना है कि टेररिज्म, एक्सट्रीमिज्म और सेपरेटिज्म पूरे क्षेत्र के लिए गंभीर चुनौती हैं। इनके विरुद्ध जीरो टॉलरेंस हमारा साझा संकल्प रहा है और आगे भी रहेगा।"*

# MINISTERS PM AWARD

કેન્દ્રીય મંત્રીઓએ ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન , ઓલી દરજાલી ડસ્ટલિક પ્રાપ્ત કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રધાનમંત્રીના દૂરંદેશી નેતૃત્વ અને ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચેની સ્થાયી મિત્રતાને મજબૂત બનાવવાના તેમના સતત પ્રયાસોનો પુરાવો છે.

ગૃહમંત્રી અમિત શાહે તેને દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ ગણાવી.વિદેશમંત્રી ડૉ એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સન્માન , શ્રી મોદીની ઐતિહાસિક મુલાકાત સાથે, બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ગતિ આપશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ , આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા સહિત વિવિધ કેન્દ્રીયમંત્રીઓએ પ્રધાનમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા.

# PM-MANKIBAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા ' અભિયાન દેશભરમાં ઝડપથી ગતિ પકડી રહ્યું છે. આજે સવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા , શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે નશામુક્ત યુવાનો અને નશામુક્ત ભારત માટેના ધ્યેય સાથેનું અભિયાન ફક્ત ઔપચારિકતા નથી કારણ કે ઘણા લોકો , ખાસ કરીને યુવાનો મોટી સંખ્યામાં તેમાં જોડાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, આ ભારતના યુવાનોના સ્વાસ્થ્ય, ખુશી અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો સામૂહિક સંકલ્પ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , 'પીએમ સ્વનિધિ યોજના ' દ્વારા લાખો મહિલાઓ નવી શક્તિ મેળવી રહી છે.

## (BYTE – PM SWANIDHI YOJANA)

*"PM स्वनिधि योजना की लाभार्थियों में करीब 46 प्रतिशत महिलाएं हैं, यानी देश भर में लगभग 35 लाख महिलाएं इस योजना से जुड़कर अपने कारोबार को आगे बढ़ा रही है। गाजियाबाद की बबीता शर्मा जी इसका बहुत अच्छा उदाहरण है। बबीता जी पूजा की सामग्री का एक छोटा सा स्टॉल लगाती थी। फूल, दिए, अगरबत्ती, नारियल जैसी चीजें बेचकर वो अपने परिवार की आजीविका में हाथ बंटाती थी। PM स्वनिधि से उन्हें आर्थिक मदद मिली और धीरे-धीरे सड़क किनारे का उनका छोटा सा स्टॉल एक दुकान में बदल गया।"*

શ્રી મોદીએ કહ્યું , આજે દેશની દીકરીઓના સપનાઓની ઉડાન પૃથ્વીથી બાહ્ય અવકાશ તરફ વધી રહી છે. તેમણે કહ્યું , ભારત વિશ્વભરમાંથી આવા સપનાઓને પોષતી હજારો દીકરીઓને એકસાથે લાવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું , આ પહેલનું નામ 'મિશન શક્તિસેટ' છે, અને તેના દ્વારા , 108 દેશોની 12 હજાર વિદ્યાર્થીનીઓને નવીનતાના ક્ષેત્રમાં સેટેલાઇટ ટેકનોલોજી શીખવાની તક મળી રહી છે.

# PM-MANKIBAAT- 2

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ વર્ષ 'વંદે માતરમ' ની 150મી વર્ષગાંઠ હોવાથી વધુ ખાસ બની ગયું છે. શ્રી મોદીએ કહ્યું કે , આ વખતે આઠ કરોડથી વધુ 'તિરંગા સેલ્ફી' અપલોડ કરવામાં આવી હતી.

## (BYTE – MKB PM TRIRANGA YATRA)

***"तिरंगे का ये उत्सव केवल भारत तक ही सीमित नहीं रहा इस साल सूर्य पर तिरंगा के जरिए हमारा तिरंगा दुनिया भर की एक अनोखी यात्रा पर निकला। फिजी के सुआ में सूरज की पहली किरण के साथ तिरंगा फहराया गया। इसके बाद एशिया, अफ्रीका, यूरोप और फिर अमेरिका के सैन फ्रांसिस्को तक इंडियन मिशनस और पोस्ट पर तिरंगा लहराता गया। आप कल्पना कर सकते हैं कि दृश्य कितने अद्भुत रहे होंगे।"***

પ્રધાનમંત્રીએ લોકોને તહેવારોની મોસમમાં 'વોકલ ફોર લોકલ' બનવા વિનંતી કરી. તેમણે કહ્યું કે , ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ ભારત આત્મનિર્ભર બનવાનો માર્ગ મોકળો થશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# VP – KERALAM VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે , વિશ્વસનીયતા એ પત્રકારત્વનું મુખ્ય નૈતિક મૂલ્ય છે. તેમણે કેરળના અલાપ્પુઝામાં દૈનિક કેરળ કૌમુદીના 115મા વર્ષગાંઠ ઉદ્ઘાટન સમારોહમાં આ વાત કહી. ઉપરાષ્ટ્રપતિએ કેરળ કૌમુદીને નૈતિકતાનું ઉલ્લંઘન કર્યા વિના એક સદીથી વધુ સમય સુધી પત્રકારત્વના ક્ષેત્રમાં સેવા આપવા બદલ અભિનંદન પણ આપ્યા.

# NEPAL FLOOD

નેપાળમાં આવેલા વિનાશક પૂરથી મૃત્યુઆંક 768 પર પહોંચી ગયો છે. આપત્તિના પાંચમા દિવસે પણ 2 હજાર 500 થી વધુ લોકો ગુમ છે. નેપાળના વહીવટી અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે અત્યાર સુધીમાં 8 હજાર 186 લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાં 227 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.

નેપાળ સરકારે ભોટેકોશી નદી માટે પૂરની ચેતવણી જારી કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , પૂર બાદ નેપાળમાં અત્યાર સુધીમાં 149 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે અગાઉ ગુમ થયેલા આશરે 50 ભારતીય નાગરિકો સાથે સંપર્ક ફરીથી સ્થાપિત કરવામાં આવ્યો છે.

ભારત પૂરગ્રસ્ત નેપાળમાં રાહત અને બચાવ કામગીરીને સતત સમર્થન આપી રહ્યું છે. 11 ટન રાહત સામગ્રી લઈને ચોથી ફ્લાઇટ કાઠમંડુ પહોંચી છે. અગાઉ ભારતે ત્રણ ફ્લાઇટ દ્વારા નેપાળમાં 57 ટનથી વધુ કટોકટી રાહત સામગ્રી મોકલી હતી.

વિશ્વ આરોગ્ય સંગઠને પૂરગ્રસ્ત નેપાળ માટે એક લાખ પચાસ હજાર યુએસ ડોલરની સહાય જાહેર કરી છે.

# NEET-PG

દેશભરમાં આજે  સ્નાતકોત્તર તબીબી  અભ્યાસ માટની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા NEET-PGની પરીક્ષા આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે  યોજાઈ. 339 શહેરોમાં એક હજાર  111 કેન્દ્રો પર 2 લાખ 65    હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી. પરીક્ષાના સંચાલનની દેખરેખ માટે સ્વતંત્ર મૂલ્યાંકનકારો તરીકે કુલ 2 હજાર 527 ફેકલ્ટી સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

દરમિયાન રાજસ્થાનના  જયપુરના બે કેન્દ્રો પર તકનીકી વિક્ષેપથી પ્રભાવિત 2 હજાર 445 ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા 5 સપ્ટેમ્બરના રોજ યોજાશે.

# WOMAN CRICKET

મહિલા ક્રિકેટમાં ભારત આજે દુબઈ આંતરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે ટી-20 એશિયા કપમાં થાઇલેન્ડ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત કરશે. મહિલા ટીમે વર્ષ 2012 , 2016 અને 2022માં ત્રણ ટાઇટલ જીત્યા છે. કુલ આઠ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે.

# RAJNATH - LUCKNOW

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે બદલાતા સમય સાથે , ભારત સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે અને તેના સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમમાં મોટા પરિવર્તનનો સાક્ષી બની રહ્યું છે. આજે લખનૌમાં પીએમ – સેતુ ઉદ્યોગ પરિષદને સંબોધતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે સરકાર સ્વદેશી ડિઝાઇનને પ્રોત્સાહન આપી રહી છે, સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવી રહી છે અને સંરક્ષણ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્ર અને MSME ની ભાગીદારી વધારી રહી છે.

શ્રી સિંહે કહ્યું કે પીએમ – સેતુ યોજના હેઠળ 1 હજાર સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને 200 હબ અને 800 સ્પોક મોડેલમાં અપગ્રેડ કરવામાં આવી રહી છે.

# IMD

હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વી ઉત્તર પ્રદેશ , બિહાર, પૂર્વી મધ્ય પ્રદેશ , ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય ક્ષેત્રના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી ભારે વરસાદની સંભાવના છે.

જમ્મુ અને કાશ્મીર , પશ્ચિમી મધ્ય પ્રદેશ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આવતીકાલ સુધી વીજળી અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે.